નડિયાદ કોર્ટનો મહત્વનો ચુકાદો | ખાત્રજમાં રસોઈ બનાવવાની નજીવી બાબતમાં થયેલી ગેરસમજમાં હુમલો

મહેમદાવાદના ખાત્રજમાં ખૂની હુમલો કરનાર ૮ શખ્સોને ૩ વર્ષ કેદની સજા

સાસુ-વહુની બોલાચાલીને પોતાના પર લઈ અપશબ્દ આપ્યાની ભ્રમણામાં ધારિયા-લાકડીઓથી તૂટી પડ્યા હતા

(પ્રતિનિધિ) નડિયાદ તા.૭

મહેમદાવાદ તાલુકાના ખાત્રજ ગામના રોહિતવાસમાં જમવાનું બનાવવા જેવી અત્યંત સામાન્ય બાબતે સાસુ-વહુ વચ્ચે ચાલી રહેલી ઘરગથ્થુ તકરારને પોતાના પર લઈ, ગેરસમજ કરી ઘાતક હથિયારો વડે જીવલેણ હુમલો કરનાર ૮ શખ્સોને નડિયાદની સેશન્સ કોર્ટે ગુનેગાર ઠેરવી ૩ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. આ કેસમાં સરકારી વકીલ દ્વારા રજૂ કરાયેલા સચોટ પુરાવાઓ અને પ્રત્યક્ષદર્શી સાક્ષીઓની જુબાનીઓ આધારભૂત સાબિત થતાં પાંચમા એડિશનલ સેશન્સ જજ આર. જે. મિરાણીની કોર્ટે તમામ આરોપીઓને કડક સજા અને કુલ રૂ. ૮૦ હજારનો દંડ ફટકારતો સીમાચિહ્નરૂપ હુકમ કર્યો છે.

આ બનાવની વિગતો મુજબ, ગત બીજી જુલાઈ ૨૦૨૨ના રોજ રાત્રે ૯ વાગ્યાના સુમારે ખાત્રજ રોહિતવાસમાં ફરિયાદી અને તેમના સાસુ આશી વચ્ચે ઘરમાં રસોઈ બનાવવા બાબતે બોલાચાલી થઈ હતી, જે બાદમાં રસ્તા પર પહોંચી હતી. તે દરમિયાન ત્યાં ઊભા રહેલા આરોપીઓ મુકેશ ગંગારામ કટારિયા, મહેન્દ્ર ગંગારામ કટારિયા અને અશોક પ્રેમજી કટારિયાને એવી ગેરસમજ થઈ હતી કે ફરિયાદી તેમને ગાળો આપી રહી છે. ફરિયાદીએ પોતે અપશબ્દ નથી બોલતા તેવી વારંવાર સ્પષ્ટતા કરી હોવા છતાં ઉશ્કેરાઈ જઈને આ ત્રણેય આરોપીઓ હાથમાં ધારિયા અને લાકડીઓ લઈને ધસી આવ્યા હતા અને ફરિયાદીના પતિ અરવિંદને ફટકારવા લાગ્યા હતા.

આ જીવલેણ હુમલો જોઈ બૂમાબૂમ થતાં જ્યારે આસપાસના સાક્ષીઓ તેમને બચાવવા વચ્ચે પડ્યા, ત્યારે અન્ય આરોપીઓ પ્રદીપ ઉર્ફે પ્રવીણ ખુશાલ સોલંકી, પાર્થ ગોવિંદ મકવાણા, ડાહ્યા પ્રેમજી કટારિયા, પ્રશાંત મહેન્દ્ર કટારિયા અને વિજય પીતાંબર કટારિયા પણ લાકડાના ડંડા અને ધારિયા જેવા પ્રાણઘાતક હથિયારો સાથે આવીને આડેધડ તૂટી પડ્યા હતા. આ ઘાતક હુમલામાં ફરિયાદ પક્ષના કુલ ૬ લોકોને ગંભીર શારીરિક ઈજાઓ પહોંચી હતી.

આ ગંભીર બનાવ અંગે ફરિયાદીએ મહેમદાવાદ પોલીસ મથકમાં ગુનો નોંધાવતા પોલીસે તમામ ૮ શખસ સામે હત્યાના પ્રયાસ સહિત રાયોટિંગ અને અન્ય ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી ચાર્જશીટ કોર્ટમાં રજૂ કરી હતી.

ખેડા જિલ્લાના મહેમદાવાદના પાંચમા એડિશનલ સેશન્સ જજ આર. જે. મિરાણીની કોર્ટમાં કેસની સુનાવણી ચાલી હતી. આ સુનાવણી દરમિયાન સરકારી વકીલ ગોપાલ વી. ઠાકુર દ્વારા રજૂ કરવામાં આવેલા ૧૩ દસ્તાવેજી પુરાવાઓ અને ૧૭ સાક્ષીઓની મૌખિક જુબાનીઓ ગુનાની કડીઓ જોડવામાં ખૂબ જ મહત્વની અને આધારભૂત સાબિત થઈ હતી.

આમ, બંને પક્ષોની દલીલો અને દસ્તાવેજોને આધારે ન્યાયાધીશે આરોપી પક્ષની દલીલો ફગાવી દઈ તમામ ૮ મુકેશ ગંગારામ કટારિયા, મહેન્દ્ર ગંગારામ કટારિયા, અશોક પ્રેમજી કટારિયા, પ્રદીપ ઉર્ફે પ્રવીણ ખુશાલ સોલંકી, પાર્થ ગોવિંદ મકવાણા, ડાહ્યા પ્રેમજી કટારિયા, પ્રશાંત મહેન્દ્ર કટારિયા, વિજય પીતાંબર કટારિયાને દોષિત જાહેર કરી જેલની સજા સંભળાવી છે.

કોર્ટ દ્વારા ફટકારવામાં આવેલી સજા અને દંડ

- **કલમ ૩૦૭:** દરેક આરોપીને ૩ વર્ષની સખત કેદ અને રૂ. ૫,૦૦૦નો દંડ
- **કલમ ૩૨૪ અને ૧૪૭:** ૧ વર્ષની સખત કેદની સજા
- **કલમ ૩૨૩ અને ૧૪૩:** ૬ મહિનાની સખત કેદની સજા
- **કલમ ૧૪૮:** ૨ વર્ષની સખત કેદની સજા
- **ખાસ આદેશ:** જો આરોપીઓ આ દંડ ન ભરે તો તેઓએ વધુ સમય માટે સાદી કેદની સજા ભોગવવી પડશે

પત્ની પર શંકા રાખી પાષાણહૃદયી પતિએ પુત્રને કૂવામાં ફેંક્યો

સંતરામપુરમાં નિષ્ઠુર પિતાએ ૩ માસના પુત્રને મોતને ઘાટ ઉતાર્યો

ઝાલદડા ગામમાં પિયર રોકાવા બાબતે દંપતી વચ્ચે થયેલો ઝઘડો ઉગ્ર બની ગયો

(પ્રતિનિધિ) સંતરામપુર તા.૭

સંતરામપુરના ઝાલદડા ગામમાં પતિ-પત્ની વચ્ચેના કૌટુંબિક કંકાસ અને પત્નીના ચારિત્ર્ય પરની શંકાના કારણે એક નિર્દોષ માસૂમ બાળકે પોતાનો જીવ ગુમાવવો પડ્યો છે. ઝાલદડા ગામમાં રહેતા પાષાણહૃદયી પિતા આશિષ ભુરીયાએ તેની પત્ની હિનાબેનની ગોદમાંથી માત્ર ૩ મહિનાના વહાલસોયા પુત્ર લવ્યાંશને આંચકી લઈ, ઘર નજીક આવેલા પાણી ભરેલા કૂવામાં ફેંકી દઈને ક્રૂરતાપૂર્વક હત્યા નીપજાવી છે. આ હૃદયદ્રાવક ઘટનાને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે અને પોલીસે આરોપી પિતા વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ ફરિયાદ અનુસાર, ઝાલદડા ગામે રહેતા ૨૦ વર્ષીય હિનાબેનના લગ્ન જાન્યુઆરી ૨૦૨૫માં આશિષ રમેશભાઈ ભુરીયા સાથે થયા હતા. આ લગ્નજીવન દરમિયાન તેમણે ગત જૂન મહિનામાં પુત્ર લવ્યાંશને જન્મ આપ્યો હતો. હિનાબેન પોતાના પિયર વધુ સમય રોકાયા હોવાની બાબતે પતિ આશિષે અગાઉ પણ પત્ની સાથે ફોન પર ઝઘડો કરી તેનો મોબાઈલ તોડી નાખ્યો હતો.

દરમિયાનમાં ગત ૬ઠ્ઠી સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ હિનાબેન પોતાના સાસરે પરત ફર્યા ત્યારે પતિ આશિષે પિયર રહેવા બાબતે ફરી ઝઘડો શરૂ કર્યો હતો. આ કૌટુંબિક કંકાસ દરમિયાન ક્રોધે ભરાયેલા પતિ આશિષે પત્ની હિનાબેનને કહ્યું, તું આખો દિવસ તારા પિયરમાં જ રહે છે, તો આ છોકરો મારો હોય તેની શું સાબિતી ?. આટલું બોલીને હિનાબેન કંઈ સમજે તે પહેલાં જ નરાધમ પિતાએ બહાર ખાટલામાં સુઇ રહેલા ૩ મહિનાના લવ્યાંશને ઉઠાવી ઘરની બહાર દોડી ગયો હતો.

જોકે, હિનાબેન અને તેમના સાસુ બાળકને બચાવવા માટે પાછળ દોડ્યા હતા, પરંતુ નરાધમ પિતાએ બંનેની નજર સામે જ માસૂમ લવ્યાંશને ઘર નજીકના પાણી ભરેલા કૂવામાં ફેંકી દીધો હતો. આથી, બૂમાબૂમ થતાં આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા, પરંતુ કૂવામાં પાણી વધુ હોવાને કારણે માસૂમ બાળક પાણીમાં ડૂબી ગયો હતો અને તેનું મોત નીપજ્યું હતું.

આ ઘટનાની જાણ થતાં જ સંતરામપુર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર પી. કે. અસોડા સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને કૂવામાંથી માસૂમ બાળકનો મૃતદેહ બહાર કાઢી પોસ્ટ મોર્ટમ માટે મોકલી આપ્યો હતો. સંતરામપુર પોલીસે હિનાબેનની ફરિયાદના આધારે આશિષ રમેશભાઈ ભુરીયા વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ઠાસરા ટીચર્સ ક્રેડીટ સોસાયટીમાં ૬ કારોબારી સભ્યના રાજીનામા

કરોડોનું ટર્નઓવર ધરાવતી મંડળીમાં એક વર્ષથી મીટિંગ ન બોલાવતા ભડકો

(પ્રતિનિધિ) નડિયાદ, તા. ૭

ઠાસરા તાલુકા ટીચર્સ ક્રેડિટ કો ઓપરેટિવ સોસાયટીમાં પ્રમુખ અને મંત્રીના આપખુદ વહીવટ સામે ભારે હોબાળો મચ્યો છે. મંડળીના શાસકોની તાનાશાહી અને એકહથ્થુ શૈલીથી ત્રસ્ત થઈને ૧૧ સભ્યોની કારોબારીમાંથી ૬ સભ્યોએ એકસાથે રાજીનામા ધરી દેતા ખળભળાટ મચી ગયો છે.

આ રાજીનામું આપનારા સભ્યોનો ગંભીર આક્ષેપ છે કે, પ્રમુખ અને મંત્રી દ્વારા છેલ્લા એક વર્ષથી વધુ સમયથી મંડળીની કોઈ વૈધાનિક કારોબારી મીટિંગ બોલાવવામાં આવી નથી. ચૂંટાયેલા સભ્યોને અંધારામાં રાખીને ધિરાણ આપવાની બાબતો તથા અન્ય નાણાકીય ખર્ચાઓમાં મનમાની ચલાવવામાં આવી રહી છે. આ ઉપરાંત, વર્ષ ૨૦૨૫-૨૬ના ડિવિડન્ડ અને શિક્ષક સભાસદોની ફરજિયાત બચત પર અપાતા વ્યાજની ચૂકવણીમાં પણ મોટી વિસંગતતાઓ સામે આવી છે. સોસાયટીના ૧૩૦૦થી વધુ શિક્ષક સભાસદો અને વાર્ષિક કરોડો રૂપિયાનું ટર્નઓવર ધરાવતી આ મંડળીમાં અગાઉ ગિફ્ટ ખરીદીમાં પણ મોટા પાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાના આક્ષેપો થયા હતા. આ વિવાદ હજુ શાંત પડ્યો નથી ત્યાં જ સભ્યોના સામૂહિક રાજીનામા પડ્યા છે.

પેટલાદમાં કરોડોનું કુલેકું ફરે તે પહેલાં જ રૂ. ૩૧.૫૦ લાખનું પોંજી સ્કીમ રેકેટ ઝડપાયું

પેટલાદમાં પોંજી સ્કીમ રેકેટમાં બેંક ખાતાઓની ઝીણવટભરી તપાસ શરૂ

એક દિવસના રિમાન્ડ બાદ ઓફિસ સંચાલક પ્રતિક ઠાકોર જેલ હવાલે કરાયો

(પ્રતિનિધિ) પેટલાદ તા.૭

પેટલાદમાં છેલ્લા આઠ મહિનાથી પોંજી સ્કીમનું રેકેટ ચાલતું હતું. જેમાં ઉંચા વળતરની લાલચ આપી ગામડાંની પ્રજાને રોકાણ કરાવવામાં આવતું હતું. આ સ્કીમમાં 300થી વધુ લોકો દ્વારા અંદાજીત રૂ.31.50 લાખનું રોકાણ જુદી જુદી યોજનાઓમાં થઈ ચુક્યું હતું. આ રીતે ચાલતા સાઈબર ક્રાઈમની બાતમી પોલીસને મળતાં પેટલાદના એક આરોપીને ઝડપી પાડવામાં આવ્યો હતો. જેનો એક દિવસનો રીમાન્ડ પુરો થતાં કોર્ટે આરોપીને જેલ હવાલે કર્યો હતો.

પેટલાદ સિવિલ હોસ્પીટલ પાસે આવેલ શુભમ્ કોમ્પલેક્ષમાં ESL ECO Synergy Ltd કંપનીના બેનર હેઠળ ઓફીસ કાર્યરત હતી. જેનું સંચાલન પ્રભુલાલની ચાલીમાં રહેતો પ્રતિક ઠાકોર કરતો હતો. આ ઓફીસથી ઉંચા વળતર વાળી રોકાણની જુદી જૂદી સ્કીમ પ્રતિક ચલાવતો હતો. મળતી માહિતી મુજબ છેલ્લા

આઠ મહિનાથી પ્રતિક લીંક દ્વારા ઓનલાઈન રૂ.બે હજાર, રૂ. પાંચ હજાર અને રૂ. 18 હજારની પોંજી સ્કીમ ચલાવતો હતો. આ ઉપરાંત તાજેતરમાં તો પ્રતિકે રૂ.50 હજાર અને એક લાખની પોંજી સ્કીમ હેઠળ પણ કેટલાક લોકોને રોકાણ કરાવવા શરૂ કર્યું હતું.

આ જુદી જુદી સ્કીમમાં લગભગ 300થી વધુ લોકોને રોકાણ કરાવ્યું હતું. આ બોગસ સ્કીમની જાણ આણંદ જીલ્લાની સાઈબર પોલીસને થતાં પ્રતિક ઠાકોર વિરૂદ્ધ આઈટી એક્ટ હેઠળ ગુનો કરી ધરપકડ કરવામાં આવી હતી. જેને કોર્ટમાં રજુ કરતા એક દિવસના રીમાન્ડ મંજુર થયા હતા. જે પૂર્ણ થતાં કોર્ટે પ્રતિકને જેલ હવાલે કર્યો હતો. આ અંગે સાઈબર ક્રાઈમના પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, આરોપીના બેંક ખાતાની તપાસ ચાલુ કરવામાં આવી છે. બેંક ખાતામાંથી થયેલી તમામ લેવડ દેવડની તપાસ કરવામાં આવશે.

મહીસાગર જિ.ના ૧૨૪ શાહુકારે ઓડિટ રિપોર્ટ રજૂ ન કરતાં નોટિસ

ઓનલાઈન રિપોર્ટ અપલોડ નહીં કરનારા સામે કાર્યવાહીની ચીમકી

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૭

મહીસાગર જિલ્લામાં નોંધાયેલા શાહુકારો પૈકી ૧૨૪ શાહુકારોને સમયસર ઓડિટ રિપોર્ટ રજૂ ન કરવા બદલ શાહુકારોના નિબંધક અને જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા કાયદાકીય કાર્યવાહી માટે નોટિસ ફાળવવામાં આવી છે. તમામ શાહુકારોને સત્વરે પોતાનું ઓડિટ પૂર્ણ કરાવીને ઓડિટ રિપોર્ટ ઓનલાઈન રજૂ કરવા આદેશ કરાયો છે.

ગુજરાત નાણાં ધીરધાર કરનારા બાબત અધિનિયમ-૨૦૧૧ અન્વયે ૩૧મી માર્ચ, ૨૦૨૬ સુધીનું ઓડિટ સત્વરે પૂર્ણ કરાવી, તેનો ઓડિટ રિપોર્ટ 'ઈ-કો-ઓપરેટીવ' પોર્ટલ પર ઓનલાઈન અપલોડ કરવા સૂચના આપવામાં આવી છે. જો શાહુકારો દ્વારા સત્વરે ઓડિટ પૂર્ણ કરાવીને રિપોર્ટ ઓનલાઈન અપલોડ કરવામાં નહીં આવે, તો અધિનિયમ-૨૦૧૧ ની જોગવાઈઓ મુજબ તેમની સામે કડક કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

નિયમાનુસાર જે શાહુકારનું વાર્ષિક ટર્નઓવર રૂપિયા ૫૦ લાખથી વધુ હોય તેઓએ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પાસે અને રૂપિયા ૫૦ લાખથી ઓછું ટર્નઓવર ધરાવતા શાહુકારોએ વૈધાનિક ઓડીટર પાસે ફરજિયાત ઓડિટ કરાવવાનું રહેશે.

ખંભાત પંથકમાં સિંચાઈના પાણી માટે ખેડૂતો ૯મીએ ધરણાં કરશે

નિરાકરણ નહીં આવે તો ૧૪ મીએ તારાપુર હાઈવે ચક્કાજામ કરવાની ચિમકી

(પ્રતિનિધિ) ખંભાત તા ૭

આણંદ અને ખેડા જિલ્લાના ખેડૂતોને કાયમી ધોરણે નર્મદાનું સિંચાઈનું પાણી આપવાની ખાતરી ન મળે ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાનો સ્પષ્ટ નિર્ણય ભારતીય કિસાન સંઘ દ્વારા કરવામાં આવ્યો છે. સરકાર દ્વારા હાલની સીઝન પૂરતું પાણી આપવાની જાહેરાત કરાઈ હોવા છતાં, કાયમી ઉકેલની માંગ સાથે પૂર્વ ઘોષિત કાર્યક્રમો યથાવત રાખવામાં આવ્યા છે.

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સને ૨૦૨૬ની ખરીફ ડાંગરની સીઝન માટે વણાકબોરી ડેમમાંથી પાંચ હજાર ક્યુસેક પાણી આપવાનો નિર્ણય કર્યો છે, જેને કિસાન સંઘે આવકાર્યો છે.

જોકે, આણંદ અને ખેડા જિલ્લાનો સિંચાઈ વિસ્તાર મૂળ કડાણા ડેમ હેઠળ આવે છે. હાલ પૂરતું સરકાર દ્વારા કડાણા અને નર્મદામાંથી પાણી આપવાનું આયોજન કરાયું છે, જે માત્ર ચાલુ સીઝન પૂરતી વૈકલ્પિક વ્યવસ્થા છે. ખેડૂતોની જમીનોનો નર્મદા સિંચાઈ વિસ્તારમાં કાયમી સમાવેશ ન થાય ત્યાં સુધી લડત જારી રહેશે.

ચરોતર પંથકના ખેડૂતો આગામી ૯ સપ્ટેમ્બર બુધવારના રોજ ખંભાત ખાતે નાયબ કાર્યપાલક ઈજનેરની કચેરી ખાતે સંગઠિત થઈ વિરોધ નોંધાવશે. તેમ છતાં ઉકેલ નહીં આવે તો આગામી ૧૪મી સપ્ટેમ્બરના રોજ તારાપુર-વટામણ ચોકડી રોડ પર ગલિયાણા ગામ પાસે હાઈવે પર ચક્કાજામ કરવામાં આવશે. કિસાન સંઘ ખંભાતના પ્રમુખ બળવંતસિંહ નાથુભાઈ પરમારે આ બંને કાર્યક્રમમાં મોટી સંખ્યા ખેડૂતોને જોડવા જણાવ્યું છે. આ એલાનના પગલે દોડધામ મચી છે.

કપડવંજ-મોડાસા રોડ પર ડાકોર ચોકડી પાસે વિશાળ વૃક્ષ ધરાશાયી થતાં ભારે ટ્રાફિક જામ

કપડવંજથી મોડાસા રોડ ઉપર ડાકોર ચોકડી પાસે આજે વહેલી સવારે એક વિશાળકાય વૃક્ષ અચાનક ધરાશાયી થયું હતું. અત્યંત વ્યસ્ત એવા આ માર્ગ પર શાળાઓ આવેલી હોવાથી વિદ્યાર્થીઓ, વાલીઓ અને વાહનચાલકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. આ ઘટના વહેલી સવારે બની હોવાને કારણે સદનસીબે કોઈ મોટી દુર્ઘટના, અકસ્માત કે જાનહાનિ થવા પામી નથી. તંત્ર દ્વારા આવા ભયજનક વૃક્ષોનું તાકીદે સર્વેક્ષણ કરી તેનો યોગ્ય નિકાલ કરવામાં આવે તેવી લોક માંગ પ્રબળ બની છે. - **હરિશ જોષી**

ઇમરાન ઉર્ફે મિથુન અને રાજુ અમદાવાદવાળાનું નેટવર્ક બસ્ટ

આણંદ શહેરમાં ખુલ્લા પ્લોટમાં ધમધમતો જુગારનો અડ્ડો પકડાયો

દરોડામાં ૧૪ જુગારી ઝડપાયા, રૂ. ૪.૪૩ લાખનો મુદ્દામાલ જપ્ત

(પ્રતિનિધિ) આણંદ તા.૭

આણંદ શહેરના ઈસ્માઈલનગર વિસ્તારમાં હિના પાર્ક પાસે લીમડાના ઝાડની બાજુમાં ખુલ્લી જગ્યામાં ધમધમતા મોટા પાયાના 'અંદર-બહાર' જુગારધામ પર ગાંધીનગરની સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે બાતમીના આધારે ઓચિંતો દરોડો પાડીને હાઈપ્રોફાઈલ જુગારના સામ્રાજ્યનો પર્દાફાશ કર્યો છે. આ રેડ દરમિયાન પોલીસે સ્થળ પરથી રોકડ રકમ, ૧૫ નંગ મોબાઈલ અને ૧૧ ટ્વિચકી વાહનો સહિત કુલ રૂ. ૪.૪૩ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન ખાનગી રાહે સચોટ બાતમી મળી હતી કે, ઈસ્માઈલનગર હિના પાર્ક વિસ્તારમાં ખુલ્લી જગ્યામાં ઈમરાન ઉર્ફે મિથુન રફીકભાઈ શેખ અને રાજુ અમદાવાદવાળો બહારથી જુગારીઓ બોલાવીને મોટું જુગારધામ ચલાવી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે પંચોને સાથે રાખીને રવિવારે સાંજે ઓચિંતો છાપો માર્યો હતો. પોલીસને જોતા જ જુગારીઓમાં ભારે નાસભાગ મચી ગઈ હતી.

પોલીસના સકંજામાંથી બચવા માટે મચેલી નાસભાગ દરમિયાન, માતર તાલુકાના મલીયાતજ ગામના મનુભાઈ ઉર્ફે સરપંચ રાયચંદભાઈ સોઢા પરમાર નાસવા જતાં દોડતા દોડતા પડી ગયા હતા, જેથી તેઓના શરીરે ઈજાઓ પહોંચી હતી. જોકે, ટીમે માનવતા દાખવી તુરંત જ ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવીને તેઓને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યા હતા.

પોલીસે ઘટનાસ્થળેથી ૧૪ આરોપીઓની અટકાયત કરી હતી અને રોકડા, ૧૫ મોબાઈલ ફોન અને ૧૧ ટ્વિચકી વાહનો સહિત કુલ રૂ. ૪,૪૩,૪૨૦નો મુદ્દામાલ કબ્જે લેવાયો છે.

શિવાલયોમાં સોમવાર - એકાદશીના સંયોગે દર્શન માટે ભક્તો ઉમટ્યા

ભગવાન શિવની આરાધનાનું વિશેષ મહત્વ હોવાથી અંતિમ સોમવારે ભક્તોમાં ભારે ઉત્સાહ છવાયો

(પ્રતિનિધિ) આણંદ તા ૭

પવિત્ર શ્રાવણ માસના અંતિમ સોમવાર અને એકાદશીના પાવન સંયોગે આણંદ ખેડા અને મહીસાગર જિલ્લામાં ભક્તિમય માહોલ છવાઈ ગયો હતો. વહેલી સવારથી જ વિવિધ શહેરો અને ગ્રામ્ય વિસ્તારોના શિવાલયોમાં ભગવાન ભોળાનાથના દર્શન માટે શ્રદ્ધાળુઓનો માનવ સમુદાય ઉમટી પડ્યો હતો. 'હર હર મહાદેવ' અને 'બમ બમ ભોલે'ના જયઘોષથી શિવમંદિરોનો પરિસર ગુંજી ઉઠ્યો હતો.

શ્રાવણ માસ દરમિયાન ભગવાન શિવની આરાધનાનું વિશેષ મહત્વ હોવાથી અંતિમ સોમવારે ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. અનેક શિવભક્તો પૂજાની થાળી, બિલિપત્ર, પુષ્પ અને અન્ય પૂજાસામગ્રી સાથે શિવાલયોમાં પહોંચ્યા હતા. ભક્તોએ શિવલિંગ પર જળ, દૂધ, પંચામૃત સહિતના વિવિધ દ્રવ્યોનો અભિષેક કરી બિલિપત્ર અને પુષ્પ અર્પણ કર્યા હતા. 'ૐ નમઃ શિવાય'ના મંત્રોચ્ચાર સાથે ભગવાન શિવની પૂજા-અર્ચના કરી પરિવારના સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી. શિવમંદિરોમાં અંતિમ સોમવાર નિમિત્તે રુદ્રાભિષેક, જળાભિષેક, પંચામૃત અભિષેક, મહાઆરતી સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. અનેક સ્થળોએ ભજન-કીર્તન અને શિવમહિમાના પાઠ કરવામાં આવ્યા હતા.

સોમવાર અને એકાદશીના સંયોગને કારણે અનેક શ્રદ્ધાળુઓએ ઉપવાસ રાખી ભગવાન શિવની આરાધના કરી હતી. મંદિર પરિસરમાં ઘંટનાદ, શંખધ્વનિ અને મંત્રોચ્ચાર વચ્ચે યોજાયેલી મહાઆરતી સમયે ભક્તોએ સામૂહિક રીતે 'હર હર મહાદેવ'ના જયઘોષ કર્યા હતા. શ્રાવણ માસના અંતિમ સોમવારે સમગ્ર ચરોતર પંથકના શિવભક્તિના રંગે રંગાઈ ગયો હતો અને દિવસભર શિવાલયોમાં ભક્તિ, શ્રદ્ધા તથા આધ્યાત્મિકતાનો માહોલ જોવા મળ્યો હતો.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225